**INDIA NON JUDICIAL**

# Government of Gujarat

## Certificate of Stamp Duty

सत्यमेव जयते

Serial No. 984
Book No. 28
Page No 43
Receipt No. 984
Dated 11-2-22

| | | |
|---|---|---|
| Certificate No. | : | IN-GJ06227647209599U |
| Certificate Issued Date | : | 11-Feb-2022 05:06 PM |
| Account Reference | : | IMPACC (AC)/ gj13086411/ MANGROL JU/ GJ-JU |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJ1308641145559194349965U |
| Purchased by | : | KIRIT RASUBHAI BHEDI |
| Description of Document | : | Article 5(h) Agreement (not otherwise provided for) |
| Description | : | RENT AGREEMENT |
| Consideration Price (Rs.) | : | 0<br>(Zero) |
| First Party | : | KIRIT RASUBHAI BHEDI |
| Second Party | : | UMESHBHAI VEJABHAI BHUVA |
| Stamp Duty Paid By | : | KIRIT RASUBHAI BHEDI |
| Stamp Duty Amount(Rs.) | : | 300<br>(Three Hundred only) |

A. A. MANIVAR
A. A. MANIAR ADVOCATE & NOTARY B.COM.LL.B JUNAGADH

11 FEB 2022

KC 0023353987

11 FEB 2022



# ભાડા કરાર દસ્તાવેજ

**<u>લખાવી લેનાર – માલીક ::–</u>**

**શ્રી ઉમેશભાઈ વેજાભાઈ ભુવા, ઉ.વ.આ. ૩૪,**
ધંધો–નોકરી, ધર્મે–હિન્દુ, રહે.રાજકોટ
ઠે.પીતૃ આશિષ, ફર્સ્ટ ફલોર, ૨–તિરૂપતિ નગર,
રૈયા રોડ, હનુમાન મઢીની સામે, રાજકોટ



**<u>લખી આપનાર –ભાડુઆત ::–</u>**

**શ્રી કીરીટ રસુભાઈ ભેદી, ઉ.વ.આ. ૩૧,**
ધંધો–નોકરી , ધર્મે–હિન્દુ, રહે. ગાંધીનગર,
ઠે.૩૫૦/૧, ટાઈપ ઘ–૧, સેકટર–૧૩,
જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ પાછળ, ગાંધીનગર

આથી અમો આ મથાળે લખ્યા ભાડે રાખનાર/દ્રીતીય પક્ષકાર તે તમો મથાળે લખ્યા ભાડે આપનાર /પ્રથમ પક્ષકાર જોગ આ ભાડા કરાર લખી આપી બંધાઉ છુ કે...

(૧) જુનાગઢ જીલ્લાના જુનાગઢ તાલુકાના મુખ્ય શહેર જુનાગઢમાં મહાનગરપાલીકા હદની અંદર ટીબાવાડી વિસ્તારમા દિપાંજલી સોસાયટી પાછળ, કે.વી.એમ. સ્કુલની બાજુમાં, પ્રમુખનગર વિસ્તારમાં આવેલ પ્લોટ નંબર–૧૦૧ વાળુ ડુપ્લેક્ષ અમોએ તમારી પાસેથી તારીખ ૧–૧–૨૦૨૨ થી ૩૦–૧૧–૨૦૨૨ સુધી ફકત ૧૧ માસ પુરતો કરાર કરેલ છે.

(૨) સદરહુ તમારા સ્વતંત્ર માલીકી તથા કબ્જા ભોગવટાનો ઉપરોકત વીગતે આવેલ અમો લખી આપનારને ફકત રહેવા માટે તા.૧–૧–૨૦૨૨ થી આપેલ છે.સદરહુ ડુપ્લેક્ષનુ ભાડુ રૂા.૫,૦૦૦/– અંકે રૂપીયા પાચ હજાર પુરા નકકી કરેલ છે. જેમાં આ ડુપ્લેક્ષના મેઈનટેનન્સ ખર્ચનો સમાવેશ થયેલ નથી અમો ડુપ્લેક્ષ ખાલી કરી સોપી આપીએ ત્યારે હીસાબમા મજરે આપવામા આવશે તેમજ આ ડુપ્લેક્ષના મીટરની મુજબની લાઈટબીલની રકમ અમોએ ભરપાઈ કરવાની રહેશે તેમજ સરકારી કર–કીરાયા, હાઉસટેક્ષ વગેરે ભાડુતે ભરવાનુ રહેશે તેમજ એક ભાડુ રૂા. ૫,૦૦૦/– અંકે રૂપીયા પાચ હજાર એડવાન્સ આપેલ છે. તેમજ એક ભાડુ રૂા.૫,૦૦૦/–અંકે રૂપીયા પાચ હજાર પુરા ડીપોઝીટ પેટે રાખેલ છે. જે ડીપોઝીટ ની રકમ આ કરારની મુદત પુર્ણ થયે સમજી આપવાનુ રહેશે.

પા...૨

1 1 FEB 2022



(૩) સદરહુ તમોએ આપેલ ડુપ્લેક્ષ અમારે સારી હાલતમાં રાખવાનુ છે.તેનો અમારેજ ઉપયોગ કરવાનો રહેશે.અને સદરહુ ડુપ્લેક્ષમા અમારેજ રહેવાનુ છે.અને ગોડાઉન, વખાર તરીકે કે બિનવપરાશી બનાવીને તે રીતે બંધહાલતમા મુકી રાખવાનુ નથી કે તમારા બાંધકામ નુકશાન થાય તેમજ કોઈ સ્ફોટક પદાર્થ સળગી ઉઠે તેવી કોઈ વસ્તુ રાખવાની નથી તમારી પુર્વ પરવાનગી વગર કોઈ પણ ફેરફાર કરવાનો નથી કે કાધીઓ ખોળવી નથી અને ગેરકાયદેશરનો ધંધો કે કૃત્ય કરવાનું નથી અને ડુપ્લેક્ષ આબાદ અને સારી હાલતમાં સાચવવાનો છે.અને હાલ જે સારી સ્થિતિમા અમોને સોપેલ છે. તેવીન સ્થિતિમાં પરત સોપવાનો રહેશે.તેઓ પાકો વિશ્વાસ અમોને સોપેલ છે. તેવીજ સારી સ્થિતિમા પરત સોપવાનો રહેશે તેઓ પાકો વિશ્વાસ આપી આ ડ્રપ્લેક્ષ રાખેલ છે.

(૪) સદરહું ડુપ્લેક્ષ્મા અમારા સિવાય બીજા કોઈ ઉપયોગ કરવાનો નથી એટલેકે અમારા સગા સંબંધી કે બીજા કોઈ મીત્ર કે ત્રાહેત આસામીને આ ડુપ્લેક્ષ પર વપરાશ કરવાનો જરા પણ હકક અધિકાર રહેશે નહી.તેમજ અન્ય કોઈ પેટા ભાડે કે અન્ય રીતે ટ્રાન્સફર કરવાનું નથી તે બાબતની તમોને પાકી બાહેધરી આપી પાકો વિશ્વાસ આપી આ ડુપ્લેક્ષ તમારી પાસેથી ભાડે રાખેલ છે.

(૫) સદરહુ ડુપ્લેક્ષમા સહકાર થી અને આજુ–બાજુ વાળાને ન્યુસન્સ કે એનોયંન્સ થાય કે બાજાને હેરાનગતી ઉભી ન થાય તે રીતે શાંતીથી સદરહુ ડુપ્લેક્ષનો ઉપયોગ કરવો છે.

(૬) સદરહુ તમારી સ્વતંત્ર માલીકી તથા કબ્જા ભોગવટાનો ડુપ્લેક્ષ તારીખ ૧–૧–૨૦૨૨ થી ૩૦–૧૧–૨૦૨૨ ની શરતથી શરતી કરારથી તે મુજબ પાકો વિશ્વાસ એ વચન આપી તમારી પાસેથી વાપંરવા રાખેલ છે. અને તેનો કરાર બનાવેલ છે.

(૭) તેમજ આ કરારની મુદત દરમ્યાન જો તમો ડુપ્લેક્ષ માલીકને આ ડુપ્લેક્ષ ખાલી કબ્જો જોઈતો હોય તો, અમોને ૧ માસ પહેલા ખબર આપવાના રહેશે અને જો અમારી આ ડુપ્લેક્ષ રાખનારે ખાલી કરવાનુ હોય તો, તમો માલિક ૧ માસ પહેલા ખબર આપવાના રહેશે. આ ઉપર જણાવેલ શરતો મુજબ વર્ત કરવા અમો લખી આપનાર બંધાઈએ છીએ. પા..૩

1 1 FEB 2022



(૮) આ ઉપર જણાવેલ શરતો મુજબ વર્તન કરવા બંધાઈએ છીએ અને જો કોઈ કારણોસર તમારે અમારી સામે નામદાર અદાલતનો આશરો લેવો પડે તો તેમાં થતાં તમામ અદાલતી ખર્ચ, વકીલ ખર્ચ વિગેરે તમામ ખર્ચ તથા તેના તમામ પરીણામની જવાબદારી અમારે શીરે છે.

(૯) આ કરાર દસ્તાવેજ અમારા નામનો ખરીદ કરેલ રૂા. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર તા. ૧૧–૨–૨૦૨૨ નો ખરીદ કરેલ છે. અને સાથે કોરા પેપર જોડી તા. ૧૧–૨–૨૦૨૨ નો ખરીદ કરેલ છે. અને સાથે કોરા પેપર જોડી ટાઈપ કરાવેલ છે.

ઉપર મુજબનો કરાર દસ્તાવેજ મારી સંપુર્ણ રાજી–ખુશીથી, વાંચી, સમજી, વિચારી, કોઈપણ જાતના દબાણ વગર, શુધ્ધબુધ્ધિથી લખી આપેલ છે. જે મને તથા મારા વંશ, વારસોને કબુલ–મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. જેની ખાત્રી બદલ આ નીચે મે મારી સહી કરી સાક્ષીઓની શાખ કરાવી આપેલ છે. તેમજ આ ભાડા કરાર અમો ભાડુઆતને અમારી ભાષામાં વાંચી સંભળાવવામાં આવેલ છે.

સ્થળ–જુનાગઢ આજ તારીખ–૧૧–૨–૨૦૨૨

સહીઓ... સાક્ષીઓની સહીઓ....

લખી આપનારની સહી

શ્રી કિરીટ રસુભાઈ ભેદી

(૧)

(૨)

લખાવી લેનારની સહી

શ્રી ઉમેશભાઈ વેજાભાઈ ભુવા

ATTESTED
(A. A. MANIAR)
NO
GOVT. OF GUJARAT
JUNAGADH DIST.